સમય મર્યાદા/અતિઅગત્યનું

IT Literacy Test

ક્રમાંક : GCVT / પરીક્ષા / લીટરસી / ૨૦૧૨ / 1-608

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ

બ્લોક નંબર :૧, બીજો માળ ,

ડો. જીવરાજ મહેતા ભવન ,

ગાંધીનગર- ૩૮૨ ૦૧૦ ફોન :૨૩૨૫૩૪૩૧

તારીખ : ૨૩/૦૫ / ૨૦૧૨

વિષય:- સરકારી/ગ્રાન્ટઇનએઈડ/સેલ્ફફાઈનાન્સ ઔદ્યોગિક તાલીમ સંસ્થા/કેન્દ્રો, આઈ.ટી.આઈ.ના વ્યવસાય ચલાવતી સરકારી ટેક્નીકલ સંસ્થાઓ ખાતે આઈ.ટી લીટરસીની પરીક્ષા યોજવા બાબતે.

સંદર્ભ ૧: ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ નં.તલમ/૧૨૨૦૧૧/૭૧૦/૨(૨) તા.૨/૫/૨૦૧૧.

સંદર્ભ ૨: વડી કચેરી ગાંધીનગરના તા. ૧૧/૧૧/૨૦૧૧ ના પત્રક્રમાંક સીટીએસ/ચ-૧/૨૦૧૧/૬૮૩૫.

પરીપત્ર :-

રોજગાર અને તાલીમ નિયામકશ્રી કચેરી હેઠળની વિવિધ તાલીમ સંસ્થાઓ માં ચાલતી અલગ-અલગ યોજનાઓ પૈકી કેટલીક પરીક્ષાઓ ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,ગાંધીનગર દ્વારા લેવામાં આવે છે. ભારત સરકારશ્રીના શ્રમ અને રોજગાર મંત્રાલયના તા.૧૫/૧૦/૨૦૧૦ના પત્ર નં-DGE&T 19(19)/2010-CD અન્વયે સરકારશ્રીએ ઠરાવ ક્રમાંક નં.તલમ/૧૨૨૦૧૧/૭૧૦/૨(૨) તા.૨/૫/૨૦૧૧ મુજબ રાજ્યની તમામ સરકારી/ગ્રાન્ટઇનએડ/સેલ્ફફાઈનાન્સ ઔદ્યોગિક તાલીમ સંસ્થા/કેન્દ્રો, આઈ.ટી.આઈ.ના વ્યવસાયો ચલાવતી સરકારી ટેક્નીકલ સ્કુલો માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને BCC(બેઝીક કોમ્પ્યુટર કોર્ષ) નું જ્ઞાન હોવુ જરૂરી છે. માટે DGET દ્વારા તૈયાર કરેલ 36 કલાક નો IT લીટરસી કોર્ષ Aug-2011 થી ફરજીયાત કરેલ છે. જે તમામ એન્જી, નોનએન્જી/GCVT/રાજ્યકક્ષાના છ માસ અથવા વધારે સમયના વ્યવસાયમાં તાલીમ લેતાં તમામ તાલીમાર્થીઓ માટે વડી કચેરીના પત્રક નં.સીટીએસ/ચ-૧/૨૦૧૧/૬૮૩૫ તા.11/11/2011 થી તમામ સંસ્થાઓએ તાલીમ આપી જી.સી.વી.ટી. દ્વારા પરીક્ષા લેવાનું જણાવેલ છે. ઉક્ત પરીક્ષા બાબતે GCVT ની તા.4-7-2011 ની ગવર્નીંગ બોડી દ્વારા મળેલ મંજૂરી અન્વયે આ પરીક્ષા GCVT ના માધ્યમથી લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ જ તાલીમાર્થીને NTC (નેશનલ ટ્રેડ સર્ટીફીકેટ) /GCVT સર્ટીફીકેટ મળવાપાત્ર થશે. વહીવટી સુવિધા તેમજ પરીક્ષાતંત્રમાં એકસુત્રતા લાવવા માટે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

1) આઈ.ટી લીટરસી અન્વયેની તાલીમાર્થીઓની તાલીમ તમામ સંસ્થા/કેન્દ્રો ખાતે એપ્રિલ માસ સધીમાં પૂર્ણ થાય તે માટેની ઉચિત કાર્યવાહી દરેક સંસ્થાએ નિયંત્રિત કરવાની રહેશે.

2) આઈ.ટી લીટરસી પરીક્ષામાં બેસવાપાત્ર ઉમેદવારોના બાયોડેટા સંબંધિત સંસ્થા/કેન્દ્રના વડા દ્વારા પ્રમાણિત કરાયેલ હાર્ડકોપી તેમજ જી.સી.વી.ટી દ્વારા એનાયત કરેલ નિયત પ્રોગ્રામમાં સોફટકોપી ૩૧-૫-૨૦૧૨ સુધીમાં જી.સી.વી.ટી.ની કચેરી ખાતે મોકલી આપવાની રહેશે.

3) આઈ.ટી.લીટરસી પરીક્ષાનું માળખું નીચે મુજબ રાખવામાં આવેલ છે.
આ પરીક્ષા 100 માર્કસની રહેશે
થીયરી:- 50 માર્કસ પાસીંગ:- 20 માર્કસ(40%) સમયગાળો :-30 મીનીટ
(થીયરીના દરેક પ્રશ્નો ઓબજેકટીવ)
પ્રેકટીકલ:-50 માર્કસ પાસીંગ:- 20 માર્કસ (40%) સમયગાળો -60 મીનીટ

4) આઈ.ટી.લીટરસી પરીક્ષા માટેની પરીક્ષા ફી જે 125/- રૂ. છે. તે તાલીમાર્થીએ NCVT/GCVT ની પરીક્ષા ફી સાથે ભરવાની રહેશે. આથી તાલીમાર્થીએ કુલ 250/- રૂ. પરીક્ષા ફી ભરવાની રહેશે.

5) આઈ.ટી.લીટરસી પરીક્ષા G.C.V.T. દ્વારા આપવામાં આવેલ ઓનલાઇન સોફ્ટવેર દ્વારા લેવાની રહેશે. અને પ્રેક્ટિકલ પરીક્ષા આ સાથે સામેલ 50 પ્રશ્નો પૈકી Part-1 માંથી 5 પ્રશ્નો (5 માર્કસ પ્રતી 1 પ્રશ્ન) તથા Part-2 માંથી 1 પ્રશ્ન(25 માર્કસ) એમ કુલ 6 પ્રશ્નો પસંદ કરી પરીક્ષા યોજવી.થીયરી/પ્રેક્ટિકલના પ્રશ્નો ની ગોપનીયતા આપની કક્ષાએ જાળવવાની રહેશે.

6) થીયરીની ઓનલાઇન પરીક્ષા પૂર્ણ થયા બાદ Excel Format માં Result Sheet બનશે જેમાં તાલીમાર્થી ની માહિતી સાથે થીયરી ના માર્કસ દર્શાવેલા હશે. આ File માં થીયરી ના માર્કસ ની બાજુમાં પ્રેક્ટીકલ માર્કસ અને Total એમ કુલ ૨ Field ઉમેરી તેમાં પ્રેક્ટિકલ ના માર્કસની એન્ટ્રી કરવાની રહેશે તેમજ Total લખવાના રહેશે. ત્યારબાદ તૈયાર કરેલ ડેટાની હાર્ડ કોપી સંસ્થાના વડા દ્વાર પ્રમાણીત તથા સોફ્ટ કોપી RDD કચેરી ને મોકલી આપવાની રહેશે જે RDD દ્વારા સંકલિત કરી GCVT ને મોકલવાની રહેશે.

7) આઈ.ટી. લીટરસીની પરીક્ષા માટે સંસ્થાએ COPAની લેબ તેમજ અન્ય કોમ્પ્યુટર લેબનો ઉપયોગ કરવો. તમામ કોમ્પ્યુટર નેટવર્ક માં હોવા જરૂરી છે. તથા આઈ.ટી.લીટરસી પરીક્ષા માટે કો-ઓર્ડીનેટર તરીકે COPA ટ્રેડના સુપરવાઈઝરને કાર્યવાહી આપવાની રહેશે. અને પરીક્ષાનું આયોજન કરી RDD મારફત GCVT ને ડેટા મોકલવાનો રહેશે.

8) આઈ.ટી.લીટરસીની પરીક્ષા એક લેબમાં 5 સેશનમા લેવી જેનો સંપૂર્ણ કાર્યક્રમ નીચે મુજબ છે.

| સેશન | સમય |
|---|---|
| 1 | 8:00 AM TO 09:30 AM |
| 2 | 10:00 AM TO 11:30 PM |
| 3 | 12:00 PM TO 1:30 PM |
| 4 | 2:00 PM TO 3:30 PM |
| 5 | 4:00 PM TO 5:30 PM |

નોંધ:- આ પરીક્ષા ૧/૬/૨૦૧૨ થી ૧૧/૬/૨૦૧૨ સુધી માં ઉપર જણાવેલ Schedule મુજબ પૂર્ણ કરવાની રહેશ અને પરીક્ષા પૂર્ણ થયાના પછીના દિવસે RDD ને ડેટા મોકલી આપવાનાં રહેશે. ડેટા RDD દ્વારા ૧૫/૬/૨૦૧૨ સુધી માં GCVT ને મોકલી આપવાનાં રહેશે. જે ઉમેદવાર નાપાસ થયેલ હોય તેની પરીક્ષા ૨૫/૬/૨૦૧૨થી ૨૬/૬/૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરી તેનો ડેટા ૨૮/૬/૨૦૧૨ સુધી RDD મારફત GCVTને મોકલવાનો રહેશે.

9) પ્રેકટીકલ પરીક્ષાનું પરીક્ષણ આઇ.ટી.આઇ.ના કોમ્પ્યુટર રિલેટેડ ટ્રેડના સુપરવાઈઝર દ્વારા કરાવાનું રહેશે.

10) વધુમાં તલીમાર્થી ને BCC નું સર્ટીફીકેટ NCVT/GCVત પરીક્ષાના સર્ટીફીકેટ સાથે આપવાનું હોવાથી આઈ.ટી.લીટરસીના માર્કસ ની એન્ટ્રી CTS/એફીલ/નોન એફીલ/રાજ્યકક્ષા/COE ની પરીક્ષાના સેશનલ માર્ક સાથે કરવી. આ માટે ડેટા એન્ટ્રીના પ્રોગ્રામમાં (નોડલ સંસ્થાને રજુ કરવા) અલગથી IT લીટરસીનું એક ફીલ્ડ ઉમેરવામાં આવેલ છે.

11) Aug-2011 ના સત્ર માં એડમીશન લીધેલ તાલીમાર્થી ને આ પરીક્ષા અચૂક આપવાની રહેશે. અન્યથા પ્રમાણપત્ર આપવામાં આવશે નહી.

23-05-12

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થા/કેન્દ્રો તેમજ આઈ.ટી.આઈ.નાં વ્યવસાયો ચલાવતી સરકારી ટેક્નીકલ હાઈસ્કુલ તરફ.........

<u>નકલ સવિનય રવાના:-</u>

1) પ્રાદેશિક નાયબ નિયામક (તાલીમ) અમદાવાદ, પ્રાદેશિક નાયબ નિયામક (તાલીમ) વડોદરા, પ્રાદેશિક નાયબ નિયામક (તાલીમ) સુરત, પ્રાદેશિક નાયબ નિયામક (તાલીમ) રાજકોટ, આપના તાબાની તમામ સંસ્થા/કેન્દ્ર ખાતે પરીક્ષા યોજી ડેટા સંકલિત કરી અત્રેની કચેરીને મોકલવા સારૂ .
2) શાખા અધિકારી-"ચ" જાણ સારૂ .
3) CTS પરીક્ષા ટેબલ T-2.
4) કોમ્પ્યુટર સેલ (GCVT) ડેટા સંકલીત કરી પ્રમાણપત્રો છાપવા સારૂ.